# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-08-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

પ્રાદેશિક સમાચાર **ખ્યાતિ પુરોહિત** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, અવકાશ ક્ષેત્રમાં સુધારાથી દેશના યુવાનોને ઘણો ફાયદો થયો છે. આજે આકાશવાણી પરથી પ્રસારિત મન કી બાત કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ મહિનાની 23મી તારીખે દેશવાસીઓએ પહેલો રાષ્ટ્રીય અવકાશ દિવસ ઉજવ્યો અને ચંદ્રયાન-3ની સફળતાની ઉજવણી કરી. શ્રી મોદીએ સ્પેસટેક સ્ટાર્ટ-અપ GalaxEye ની ટીમ સાથે પણ વાતચીત કરી, જે IIT-મદ્રાસના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા શરૂ કરવામાં આવી હતી.

**(બાઇટ – નરેન્દ્ર મોદી,પ્રધાનમંત્રી)**

શ્રી મોદીએ કહ્યું કે, આ વર્ષે લાલ કિલ્લા પરથી, તેમણે એક લાખ યુવાનોને આગ્રહ કર્યો હતો કે જેઓ રાજકીય પૃષ્ઠભૂમિના નથી, તે લોકો રાજકીય વ્યવસ્થા સાથે જોડાય. તેમણે કહ્યું કે, આ પહેલને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે અને મોટી સંખ્યામાં યુવાનો રાજનીતિમાં આવવા માટે તૈયાર છે.

**(બાઇટ – નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)**

હર ઘર તિરંગા અભિયાન વિશે વાત કરતાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે, જમ્મુ અને કાશ્મીરના રિયાસીમાં, વિશ્વના સૌથી ઉંચા ચેનાબ રેલ્વે બ્રિજ પર 750 મીટર લાંબો ધ્વજ ધરાવતી તિરંગા રેલી યોજાઇ હતી. તેમણે કહ્યું કે, અરુણાચલ પ્રદેશના પૂર્વ કામેંગ જિલ્લામાં 600 ફૂટ લાંબા તિરંગા સાથેની યાત્રા કાઢવામાં આવી હતી. આવી જ રીતે દેશના અન્ય રાજ્યોમાં પણ તમામ ઉંમરના લોકોએ તિરંગા યાત્રાઓમાં ભાગ લીધો હતો.

પ્રધાનમંત્રીએ મધ્યપ્રદેશના ઝાબુઆમાં સ્વચ્છતા કર્મચારીઓએ કચરામાંથી કલાકૃતિઓ બનાવી તેનો પણ ઉલ્લેખ કર્યો હતો.. પ્રધાનમંત્રીએ લોકોને કેચ ધ રેઈન મૂવમેન્ટ અને એક પેડ મા કે નામ અભિયાનમાં ભાગ

લેવા વિનંતી કરી. વિશ્વ સંસ્કૃત દિવસ વિશે બોલતા, શ્રી મોદીએ કહ્યું કે, લોકોએ સંસ્કૃત ભાષાને પ્રોત્સાહન આપવાના પ્રયાસો કરવા જોઈએ.

પ્રધાનમંત્રીએ લોકોને તંદુરસ્ત રહેવા પણ અપીલ કરી હતી. સાથે સાથે બાળકોના પોષણ ઉપર પણ ભાર મૂક્યો હતો. શ્રી મોદીએ કહ્યું, આગામી થોડા દિવસોમાં પેરિસમાં પેરાલિમ્પિક્સ શરૂ થશે જેના માટે તેમણે લોકોને Hashtag Cheer4 bharat સાથે ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા જણાવ્યું હતું. શ્રી મોદીએ આગામી તહેવારો જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી, ઓણમ, મિલાદ-ઉન-નબી અને તેલુગુ ભાષા દિવસ માટે લોકોને શુભેચ્છા પાઠવી હતી.

# CM- COLLECTOR SAMVAD+ RAIN OVERALL

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં સાર્વત્રિક વરસાદની સ્થિતિ છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતના વલસાડ, તાપી, નવસારી, સુરત, નર્મદા તેમજ પંચમહાલ જિલ્લાઓમાં ભારે વરસાદ પડ્યો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વરસાદ પ્રભાવિત જિલ્લાઓના કલેક્ટર સાથે ટેલિફોનિક સંવાદ કરીને માહિતી મેળવી હતી.

મુખ્યમંત્રીએ આ સાતેય જિલ્લાઓમાં નીચાણવાળા વિસ્તારના લોકોને સલામત સ્થળોએ સ્થળાંતર કરવા તેમજ જાનમાલ, પશુધન વગેરેની સલામતી માટેના પ્રબંધન અંગે પણ સૂચના આપી હતી. ઉપરાંત અસરગ્રસ્ત વિસ્તારોમાં જરૂર પડે ત્યારે SDRF અને NDRFની ટુકડીઓ મોકલવાની બાહેંધરી આપી હતી.

રાજ્યમાં આજે બપોરના બાર વાગ્યા સુધીમાં 133 તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો.. નવસારીના ખેરગામ તાલુકામાં સૌથી વધુ આઠ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે વલસાડ, પારડી, સાગબારા, વાંસદા તાલુકાઓમાં ચાર ઇંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.

# PM IN LAKHPATI DIDI PROGRAMMER

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના જલગાંવમાં આયોજીત લખપતિ દીદી મહાસંમેલનમાં સંબોધન કર્યું હતું. આ પ્રસંગે શ્રી મોદીએ એનડીએના ત્રીજા કાર્યકાળમાં લખપતી બનનાર 11 લાખ મહિલાઓને લખપતી દીદી સર્ટિફિકેટ એનાયત કર્યા હતા.

આ પ્રસંગે શ્રી મોદીએ જણાવ્યું કે, આ યોજના અતંર્ગત દેશભરના સખી મંડળો માટે 6 હજાર કરોડ રૂપિયાથી વધુની રકમ જાહેર કરાઈ છે.

આ કાર્યક્રમનું વર્ચ્યૂઅલ પ્રસારણ દેશભરમાં થઈ રહ્યું છે. સરેન્દ્રનગર ખાતે આયોજીત કાર્યક્રમમાં જિલ્લાની લખપતિ બનનાર મહિલાઓ ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમમાં યોજના અંતર્ગત ફાળવણી અને લક્ષ્યાંકો અંગેની ચર્ચા કરવામાં આવી. તેમજ જિલ્લાની મહિલાઓને પ્રમાણપત્રો એનાયત કરાયા હતા.

# PATAN SARASWATI RIVER

પાટણમાં સરસ્વતી નદીમાં નર્મદાના નિર આવી પહોંચતા સ્થાનિક લોકોએ વધામણા કર્યા હતા. આ પ્રસંગે પાટણના ધારાસસભ્ય સહિત રાજકીય આગેવાનો, કાર્યકરો અને નગરજનોએ હાજર રહીને નર્મદાના નિરના વધામણા કર્યા. લાંબા સમય બાદ પાટણની સરસ્વતી નદીમાં પાણી વહેતા લોકોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી. ઉલ્લેખનીય છે કે, જનમાષ્ટમીના તહેવાર પ્રસંગે સરકારે સુજલામ સુફલામ કેનાલ મારફતે સરસ્વતી નદીમાં દોઢસો ક્યૂસેક પાણી છોડવાનો નિર્ણય કર્યો હતો.

# STATE VACINATION

રોગપ્રતિકારક રસીકરણમાં ગુજરાત અગ્રેસર હોવાનું રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ દ્વારા જણાવાયું છે.. ટકાઉ વિકાસ લક્ષ્યાંક-2024 મુજબ સંપૂર્ણ રસીકરણમાં ગુજરાતની ઉપલબ્ધિ 95.95 ટકા છે, જે રાષ્ટ્રીય સરેરાશ

કરતા વધારે અને ગત વર્ષનાં SDG રીપોર્ટ અનુસાર 88 ટકાથી ખુબ જ નોંધપાત્ર વધારો દર્શાવે છે..

મિશન ઈન્દ્રધનુષ અંતર્ગત અત્યારસુધીમાં કુલ 9 લાખ 95 હજાર કરતાં વધુ બાળકો અને 2 લાખ 25 હજાર કરતાં વધુ સગર્ભા માતાઓનું રસીકરણ કરવામાં આવ્યું છે.

રાજ્યમાં રસીકરણથી અટકાવી શકાય તેવા રોગો ખાસ કરીને ડીપ્થેરિયા, મેટેરનલ અને નીઓનેટલ ટીટેનસમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. રાજયમાં સંપૂર્ણ રસીકરણનો વ્યાપ વધારવા માટે વર્ષ 2023માં સઘન અભિયાન ઈન્દ્રધનુષ 5.0 અંતર્ગત રસીકરણ બાકી રહી ગયેલ હોય કે કોઈ છુટી ગયેલ હોય તેવા બાળકોને ઝુંબેશરૂપે આવરી લેવામાં આવ્યા છે અને કુલ 78 હજાર કરતાં વધુ બાળકોનું રસીકરણ કરાયું છે.